**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૩ ડીગ્રી
લઘુતમ : ૨૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૭ ટકા

# સરગાસણ પાસે શાયોના હાઈટ્સમાં આગ

## ડી-બ્લોકમાં મીટરબોર્ડમાં લાગેલી આગથી વાયરીંગ અને મીટરો બળીને ખાખ : બ્લોકના રહીશો ગરમીમાં લાઈટ ડુલ થઈ જતા તોબા પોકારી ગયા

ગાંધીનગર, તા.૨૩

શહેરને અડીને આવેલા સરગાસણ પાસે ખ-૦ નજીકની શાયોના હાઈટસ ફલેટના ડી-બ્લોકના મીટર બોર્ડમાં આજે સમી સાંજે અચાનક આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. મીટરબોર્ડમાં આગ લાગતા બ્લોકના મીટરો અને વાયરીંગ બળીને ખાખ થઈ જતા ધોમધખતી ગરમીમાં લાઈટ ડુલ થઈ જતા રહીશો તોબા પોકારી ઉઠયા હતાં. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે આગ કાબુમાં લઈને બ્લોક નીચે પાર્ક કરેલા વાહનો તરફ આગને ફેલાતા અટકાવી દઈ મોટું નુકશાન થતું અટકાવ્યું હતું.




શાયોના હાઈટસ ફલેટના ડી-બ્લોકમાં આજે સમી સાંજે મીટર બોર્ડમાંથી અચાનક ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા અને ગણતરીની મિનિટોમાં મીટર બોર્ડ સળગવા લાગ્યું હતું. ડી-બ્લોકમાં મીટરબોર્ડની આગથી સોસાયટીમાં દોડધામ મચી જવા પામી હતી. ધીમે ધીમે આગ પ્રસરી રહી હતી. દરમિયાન ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વિજ લાઈન બંધ કરાવી દઈને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. મીટરબોર્ડમાં લાગેલી આગને કારણે મીટરો તથા પાંચ માળના ફલેટમાં તમામ મકાનોનું વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતું. મીટરબોર્ડની આસપાસ રહીશોના વાહનો પાર્ક થયેલા હતા આગ વાહનો સુધી પહોંચે તે પહેલા કાબુમાં લઈ લેવાતા મોટું નુકશાન અટકી જવા પામ્યું હતું. તો બીજી તરફ વાયરીંગ બળી જતા ગરમીમાં વસાહતીઓ પરસેવે ન્હાયા હતા. આગનું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયું નથી.

## @ગાંધીનગર

● સેકટર-૩ રામેશ્વર મહાદેવ મંદિર ખાતે સાંજે ૪.૩૦ કલાકથી રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુ રૂદ્રાભિષેક મહાપ્રસાદ સાથે યોજાશે.

● ભવનાથ મહાદેવ મંદિર સે-૨૬ ખાતે રામદેવ મહાપારાયણ કથાનો સમાપન કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ ચારધામની યાત્રા પર છે. યાત્રામાં તેઓએ કેદારનાથ ધામના દર્શન કરી લીધા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર જિલ્લા વિકાસ અધિકારીને બંધ બારણે મળ્યા હતા. આ મુલાકાતના પગલે જિલ્લા પંચાયતના કર્મચારીઓમાં અનેક તર્કવિતર્ક વહેતા થયા હતા.

## સરઢવ ખાતે નિ:શુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન

રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા પ્રજના હેલ્થ કેર દ્વારા ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે તા. ૨૮-૫-૨૦૧૭ના રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૧૫ જેટલા સુપર સ્પેશ્યાલિસ્ટ ડોકટરો દ્વારા આંખ, નાક, કાન, ગળાના રોગો, બાળ રોગો, ફેફસા, હૃદય, મગજ તેમજ પેટના રોગો, કિડની, પેશાબ, મોં તથા સ્તન કેન્સરના રોગો, ડાયાબિટીસ, થાઈરોઈડ અને કરોડરજ્જુના રોગોનું નિ:શુલ્ક નિદાન કરવામાં આવશે તેમજ નંબરના ચશ્મા રૂ. ૨૦ના રાહત દરે તથા વિના મૂલ્યે દવાઓ ઈસીજી, પીએફટી ટેસ્ટ, ડાયાબિટીસ ટેસ્ટ કરી આપવામાં આવશે. રોટરી કલબના પ્રમુખ એન.પી. પટેલ, સેક્રેટરી ડૉ. દિપક બારોટ, પ્રોજેકટ ચેરમેન કિરણ પટેલ તથા આસીસ્ટન્ટ ગવર્નર સમીર ત્રિવેદીએ ગાંધીનગર જિલ્લાના સરઢવ તેમજ આજુબાજુના ગામની જનતાને લાભ લેવા અનુરોધ કર્યો છે.



**પાટનગરની ભેંસોને પણ લાગ્યો 'મેક ઓવર'નો રંગ**

પાટનગરમાં આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમને પગલે 'મીની વાઈબ્રન્ટ સમિટ' જેવો માહોલ સર્જાયો છે. વડાપ્રધાનના આગમનને વધાવવા શહેરનું ફરી એકવાર 'મેક ઓવર' કરવામાં આવ્યું છે. આ મેક ઓવર તમામનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે ત્યારે શહેરની ભેંસો પણ જાણે તેમાંથી બાકાત રહેવા પામી નથી. ઉનાળાની ગરમીમાં ઠંડક મેળવવા સાથે આ ભેંસોએ પણ 'મેક ઓવર' ધારણ કરી નવો અવતાર ધારણ કર્યો હતો. આ મેક ઓવરમાં તેમણે પોતાનો મૂળભૂત 'આફ્રિકન રંગ' ત્યજીને 'સુવર્ણ રંગ' ધારણ કરતા એવું લાગતું હતું કે જાણે 'વટ' પાડી દેવાના વડાપ્રધાનના પ્રયાસોમાં આ ભેંસો પણ પોતાનું યોગદાન નોંધાવી રહી છે.

## રાજય સરકારના નિવૃત્ત કર્મચારીઓને સાતમા પગારપંચના અમલમાં ઠાગાઠૈયા

ગાંધીનગર, તા.૨૩

સાતમા પગારપંચ અનુસાર તા. ૧-૧-૧૬ પછી નિવૃત્ત થનાર રાજયના તમામ સરકારી કર્મચારીઓને નાણાં વિભાગના તા. ૧૫-૧૦-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક પી.જી.આર./ ૧૦૨૦૧૬/ ૭પે-સ્કેલથી પેન્શ રીવાઈઝ પેન્શન, ગ્રેજ્યુઈટી રજા પગાર અને તફાવતના નાણાંના લાભ આપવાનું નક્કી થયેલ છે. નાણાં વિભાગના તા. ૨૩મી માર્ચના ઠરાવ ક્રમાંક રગર/૧૦૨૦૧૭/૯/પગાર એકમથી ઓનલાઈન પગાર બાંધણી માટે વ્યવસ્થા તંત્ર ગોઠવવા નિર્ણય કરેલ છે. આમ છતાં હજુ ઓનલાઈન કાર્યક્રમ શરુ થયેલ નથી. એક યા બીજા બહાના હેઠળ ઠરાવોનો અમલ કે કાર્યવાહી થતી નથી. પરિણામે તા. ૧-૧-૨૦૧૬ પછીથી નિવૃત્ત થનાર રાજયના કર્મચારીઓને નિવૃત્ત થનારને હાલમા જુના પગારપંચ અનુસાર લાભો મળશે. તાજેતરનું ૪ ટકા મોંઘવારી ભથ્થું પણ મળવામાં વિલંબ થશે. તો સરકારશ્રીએ તાત્કાલિક નિવેડો લાવવો જોઈએ તેવી માંગણી કર્મચારી અગ્રણી આર.કે. નાયકે જણાવેલ છે.

## મહાત્મા મંદિરે 'ગેસ લાઈટર' જેવી સિગારેટ પીતી યુવતિ આકર્ષણનું કેન્દ્ર બની

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનનો કાર્યક્રમ પત્યા બાદ વિરામના સમયે ગેટ નં. ૬ની બહાર એક વિદેશી યુવતીની સિગારેટે અનેકનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. રસોડામાં વપરાતા ગેસની સગડી માટે વપરાતા ગેસ લાઈટર જેવી આ સિગારેટ તમાકુ વગરની ફલેવર્ડ હુક્કા ટાઈપની ઈલેકટ્રોનિક હોવાનું માલુમ પડયું હતું.



મહાત્મા મંદિરના ગેટ નં. ૬ પાસે ફુટપાથ પર એક ફ્રેન્ચ ફોટો જર્નાલિસ્ટ યુવતિ તથા તેના જર્નાલિસ્ટ પતિ બપોરના સમયે ઉભા ઉભા સ્મોકિંગ કરી રહ્યા હતા. યુવતિના હાથમાં ગેસ લાઈટર જેવું યંત્ર હતું જેનાથી તે ધુમ્રપાન કરી રહી હતી તે જોઈ આસપાસમાં ઉભેલા મુલાકાતીઓ આશ્ચર્ય પામી રહ્યા હતા. અનેકના આકર્ષનું કેન્દ્ર બનેલ આ યુવતિ સાથે વાત કરતા તેણે આ યંત્ર ઈલેકટ્રોનિક સિગાર હોવાનું જણાવ્યું હતું. જેમાં તમાકુનો ઉપયોગ થતો નથી. વળી તે વિવિધ ફલેવર્સમાં ઉપલબ્ધ હોય છે અને તેને રિફિલ કરી શકાય છે આ યંત્ર તદ્દન બિનહાનિકારક અને ફલેવર્ડ હુક્કા જેવું હોવાનું તેણીએ જણાવ્યું હતું.

## સે-૨૭ પોલિસ લાઈનમાં કોન્સ્ટેબલનો ગળે ફાંસો

### એમ.ટી. શાખાના ૨૫ વર્ષીય કોન્સ્ટેબલે પોતાના કવાટર્સમાં ફાંસો ખાધો : સવારે સહકર્મી ડયુટી પર લઈ જવા ઘરે પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો : આપઘાત પાછળનું રહસ્ય અકબંધ


ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાની એમ.ટી. શાખામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ૨૫ વર્ષીય યુવાન પોલિસ કોન્સ્ટેબલે સેકટર-૨૭ પોલિસ લાઈનમાં પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતા ચકચાર મચી જવા પામી છે. કોન્સ્ટેબલને આજે સવારે ડયુટી પર જવા સહકર્મી પોલિસ જવાન ઘરે લેવા આવ્યો ત્યારે મકાનનો દરવાજો અંદરથી ન ખોલતા બારીમાંથી રૂમમાં નજર નાંખી ત્યારે તેણે ગળે ફાંસો ખાઈ લીધો હોવાનો ખ્યાલ આવ્યો હતો. સે-૨૧ પોલિસે મૃતદેહ બહાર કાઢી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.



સેકટર-૨૭ પોલિસ લાઈન બ્લોક નં. ૧૧૩/૧૦ ખાતે રહેતો ૨૫ વર્ષીય યુવાન ચેતન શશીકાન્તભાઈ પટેલ મુળ સુરતનો વતની હતો. તેની પત્નિ થોડા દિવસથી પિયર રહેવા ગયેલી હતી. આજે સવારે વડાપ્રધાનનો બંદોબસ્ત હતો અને જિલ્લાભરની પોલિસ બંદોબસ્તમાં તૈનાત હતી. ચેતન પટેલ ગાંધીનગર જિલ્લા પોલિસના એમ.ટી. શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો. સવારે તેના સહકર્મી રમેશભાઈએ તેને ફોન કર્યો પરંતુ ફોન રીસીવ ન કરતા રમેશભાઈ ચેતનના ઘરે પહોંચ્યા હતા. દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ ઉત્તર ન મળતા રમેશભાઈએ પાછળની બારીથી અંદર નજર નાંખી તો રૂમમાં ચેતનનો મૃતદેહ પંખે લટકતો હતો. રાત્રીના અરસામાં કે વહેલી સવારે કોઈ અગમ્ય કારણોસર ચેતને પોતાના રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લીધો હતો. તાત્કાલીક ચેતનના આપઘાત અંગે રમેશભાઈએ સે-૨૧ પોલિસને જાણ કરતાં પીએસઆઈ વસાવા ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી આપઘાત કરવા પાછળના રહસ્યને બહાર લાવવા તજવીજ શરુ કરી છે. ચેતનના તમામ સહકર્મીઓના નિવેદનો લેવાયા છે કે તેને ઉપરી અધિકારી તરફથી ટોર્ચરીંગ હતું કે નહીં? તો બીજી તરફ તેની પત્નિને પણ કોલ કરીને ઘટનાની જાણ કરી બોલાવી લેવામાં આવી હતી અને ચેતનને શેની મુંઝવણ હતી તે જાણવા પ્રયત્નો કર્યા છે. જોકે હજુ સુધી કોઈ સ્પષ્ટ કારણ બહાર આવી શકયું નથી.

## આઈ લવ માય ગાંધીનગર



**સંજય તન્ના**
ઈવેન્ટ મેનેજર

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર નામમાં જ સુંદરતા છે. રાષ્ટ્રપિતા ગાંધીજીના નામથી રચાયેલા આ નગરની સુંદરતા કંઈક અનોખી જ છે. અહીંની સ્વચ્છતા, સભ્યતા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સગવડોને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી, સેવાભાવી અને સમજુ નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા અને સેવા પ્રવૃત્તિઓ ગમે છે. પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, બીગ શૉટ ઈવેન્ટ મૅનેજમૅન્ટ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાપેઢીને સમાજ ઉપયોગી કાર્યોમાં ઢાળવામાં આવે તો સોનામાં સુગંધ ભળે એવું લાગે છે.

**નગર માટે હું કરી શકું**

ગાંધીનગર એ માત્ર રાજ્યનું જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને દુનિયાનું સર્વશ્રેષ્ઠ નગર બને એ માટે મારું સર્વ પ્રકારનું યોગદાન આપવા હું તૈયાર છું.

## શહેરમાં સર્વજ્ઞાતિય સમૂહલગ્નોત્સવ યોજાયો




શ્રી રાજલક્ષ્મી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા નગરમાં પ્રથમવાર સર્વજ્ઞાતિય સમૂહલગ્નોત્સવનું સુંદર આયોજન સેકટર-૬ના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા. આ સમૂહલગ્નોત્સવમાં મોટીસંખ્યામાં વિવિધ સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ મેહુલભાઈ, ઉપપ્રમુખ ગૌતમભાઈ તેમજ મંત્રી વિશાલભાઈએ જણાવ્યું હતું કે આગામી વર્ષે પણ સર્વજ્ઞાતિય સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવશે.

## લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરો

ગાંધીનગર, તા.૨૩

રોજીંદા જીવનમાં નિરાંત અને આનંદનો અનુભવ કરવા માટે શારિરીક રીતે સ્વસ્થ રહેવું હવે અત્યંત જરુરી બન્યું છે. જો રોજીંદા જીવનમાં માત્ર ૧૨ મિનિટ લયબધ્ધ શ્વસન કરી શકીએ તો તેના થકી શારિરીક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય છે. ગાંધીનગરના સે-૧૨માં બલરામ ભવન ખાતે તા. ૨૬મી મેથી તા. ૨૮મી મે દરમિયાન દરરોજ સવારે ૮ થી ૯ કલાકે તાવરિયાજી ગૃપ દ્વારા 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા શહેરની જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## 'સ્વર્ણિમ પાર્ક બન્યો યુવા કલાકારો માટે વણ માંગ્યો મંચ'

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરને જયારથી સ્વર્ણિમ પાર્ક મળ્યુ છે ત્યારથી શહેરના યુવા કલાકારો માટે જાણે વણ માંગ્યુ મંચ મળી જવા પામ્યું છે. શહેરના ઉગતા કલા-કસબીઓ આ સ્થળનો ઉપયોગ તેમનામાં રહેલી પ્રતિભાને નિખારવા કરે છે અને આશ્ચર્ય સાથે તેમને પ્રોત્સાહિત કરવા પ્રેક્ષકોના સ્વરૂપે શહેરીજનો પણ પુરતો સાથ આપી રહ્યાં છે. અત્યારે વેકેશનનો સમય હોવાથી સ્વર્ણિમ પાર્ક સહિતના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં એટીએમ મ્યુઝિકલ ગૃપ જેવા પ્રયોગો આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

દિવસ દરમ્યાન સ્વર્ણિમ પાર્ક યુવા વિદ્યાર્થીઓ માટે ઓપન લાયબ્રેરીની ગરજ સારે છે. એજ સ્વર્ણિમ પાર્ક સાંજ પડતા જ યુવા કલાકારોના રિયાઝ તથા પરફોર્મન્સ માટે સ્યુડિયો અને ઓડિટોરિયમ બની જાય છે. ગત વર્ષે ઘ-૪ સર્કલ નજીક જ્યાં ગુડાના સાયકલ પ્રોજેક્ટનું સ્ટેન્ડ છે તેની નજીકના સ્વર્ણિમ પાર્કના કોર્નર ખાતે એટીએમ ગિટારિસ્ટ ગૃપે ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ વર્ષે પણ આ જ સ્થળે શનિ-રવિ દરમ્યાન રાત્રિના ૯ કલાકથી એનીટાઈમ મસ્તી મ્યુઝિકલ ગૃપ દ્વારા યુવા સંગીતકારો પોતાની કલાનો કસબ પાથરી રહ્યાં છે. અહીં સ્વૈચ્છિક રીતે એકત્ર થતા કલાકારો ગિટાર, ફ્લુટ, તબલાં વગેરેનું વાદન કરે છે તથા જુદા જુદા ગીતો ગાઈને સહેલાણીઓનું મનોરંજન કરે છે. નાના બાળકો અહીં ડાન્સ કરવા પહોંચી જાય છે તો યુવતિઓ પણ નૃત્ય કરવા લાગે છે. આ રવિવારે હવે તેમાં કેટલાક યુવાનો હેન્ડી માઈક્રોફોનની પણ વ્યવસ્થા કરી હતી જેથી આનંદમાં બમણો વધારો થયો હતો.



## ચિરવિદાય

- સ્વ. કલાબેન શંકરભાઈ તલાવીયા, ઉ.વ. ૭૦
- સ્વ. પરસોત્તમભાઈ ચતુરભાઈ હરીજન, ઉ.વ. ૬૯